T20 વર્લ્ડકપ માટેની ભારતીય ટીમ અંગે થોડું પિષ્ટપિંજણ

અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં 2 જૂનથી શરૂ થઈ રહેલા T20 વર્લ્ડકપમાં ભારત 5 જૂને ન્યૂયોર્કમાં આયર્લેન્ડ સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે અને તે પછી આગામી મેચ આ મેદાન પર પાકિસ્તાન સામે રમશે. વાત અહીં જો કે આ વર્લ્ડકપ માટે જાહેર કરાયેલી ભારતીય ટીમની કરવાની છે કે જેમાં આમ તો કોઇ મોટું અચરજ નથી પણ કેટલાક નિર્ણય એવા છે કે તેની થોડી છણાવટ જરૂરી છે.

અમદાવાદમાં BCCI સેક્રેટરી જય શાહ અને મુખ્ય પસંદગીકાર અજીત અગરકર વચ્ચેની બેઠક બાદ રોહિત શર્માની આગેવાની હેઠળની T20 વર્લ્ડકપ માટેની ભારતીય ટીમની જાહેરાત ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI દ્વારા કરવામાં આવી હતી. અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં 2 જૂનથી શરૂ થઈ રહેલા વર્લ્ડકપ માટે પસંદગીકારોએ ઘણા એવા નિર્ણયો લીધા છે જેને તમે સાહસિક ગણાવી શકો ખરાં પણ હકીકતમાં એ નિર્ણય એટલા બોલ્ડ છે નહીં. જેમ કે કેએલ રાહુલ અને શુભમન ગીલને ટીમમાંથી બહાર મૂકવામાં આવ્યા અને સંજુ સેમસન તેમજ યુઝવેન્દ્ર ચહલ પર વિશ્વાસ દાખવીને તેમને ટીમમાં સમાવવામાં આવ્યા હતા. આ નિર્ણયને સાહસિક ગણાવનારા એ ભુલી જાય છે કે કેટલાક નિર્ણય એવા છે કે જે સાવ બોદા લાગે છે. જેમ કે રિન્કુ સિંહને મુખ્ય ટીમમાં સમાવવાને બદલે રિઝર્વ ખેલાડી તરીકે રાખવાનો. મહંમદ સિરાજ આઉટ ઓફ ફોર્મ હોવા છતાં તેને ટીમમાં સમાવીને અવેશ ખાન અને ખલીલ અહેમદ જેવા ઈનફોર્મ બોલરોને રિઝર્વમાં મૂકવાનો. મુકેશ કુમાર. હર્ષિત રાણા જેવા ઝઢપી બોલરોને કોઇ ભાવ ન આપવાનો. આ બધા નિર્ણય સમજી શકાય તેવા નથી. ભારતીય ટીમની પસંદગી હંમેશા એક તલવારની ધારે ચાલવા જેવું કામ રહ્યું છે. જેમાં મોટાભાગે પસંદગીકારોને માથે છાણા થાપવામાં આવે છે. મોટાભાગે નિર્ણય BCCIના આકાઓ જ લે છે અને તે પછી પસંદગીકારો પોતે જે કામ કર્યું નથી તેના માટે ગાળો ખાય છે. ટીમ પસંદગી પહેલા એવા અહેવાલો આવ્યા હતા કે વિરાટ કોહલીને ટીમમાં સ્થાન મળવાની સંભાવના નહીવત છે અને મોટાભાગના પસંદગીકારો યુવા ખેલાડીઓને ભવિષ્ય તરીકે જોઇ રહ્યા છે. આ મામલે મુખ્ય પસંદગીકાર અજીત અગરકર વિરાટ કોહલીને મનાવશે એવા પણ અહેવાલો આવ્યા હતા અને હવે એ જ વિરાટ કોહલી ટીમમાં સામેલ છે. જ્યારે શુભમન ગીલ, કેએલ રાહુલ અને રિન્કુ સિહ જેવા ખેલાડી બહાર છે. શુભમન ગીલ આઉટ ઓફ ફોર્મ છે, કેએલ રાહુલ ઈનિંગની શરૂઆતમાં ધીમો છે તો માની લઈએ કે તે બંનેનો સમાવેશ ન કરાયો પણ રિન્કુ સિંહ માટે તમે કયું કારણ આપી શકો છો.

T20 ફોર્મેટમાં એન્કર રોલ જેવું કંઇ હોતું નથી એ બધા સમજે

ભારતીય ટીમમાં વિરાટ કોહલીનું શું સ્થાન છે તે અંગે કોઇને શંકા ન હોવી જોઇએ. વિરાટ કોહલી ટીમનો સૌથી સિનિયર બેટ્સમેન છે અને હાલમાં IPLમાં RCB લે પોઇન્ટ ટેબલમાં તળિયે હોય પણ કોહલી સૌથી વધુ રન બનાવીને ઓરેન્જ કેપ હોલ્ડર છે. પરંતુ T-20 ફોર્મેટ હવે ઘણું આગળ વધી ગયું છે. અહીં જે ખેલાડી 35 બોલમાં અડધી સદી કરે તે નહીં પણ 10 બોલમાં 35 રન બનાવીને આઉટ થાય છે તેની કિંમત વધુ હોય છે. T20 ફોર્મેટમાં એન્કર રોલ જેવું કંઇ હોતું નથી એ વાત માત્ર વિરાટ કોહલીએ નહીં પણ અન્ય તમામે પણ સમજવી જરૂરી છે. સ્ટ્રાઇક રેટ મામલે થઇ રહેલી ટીકાની પોતે પરવા નથી કરતો એમ કહેનારા કોહલીએ જો કે પોતાની સ્ટ્રાઇક રેટ પર કામ તો કરવું જ પડશે.

અને સાથે જ તેણે એન્કર રોલની જે પોતાની કથિત ભૂમિકા છે તેમાંથી બહાર નીકળવું પડશે. તો જ તેની પસંદગી લેખે લાગશે અને ભારત T20 વર્લ્ડકપમાં ફતેહના ઝંડા લહેરાવી શકશે.

હાર્દિક પંડ્યાને જાળવી તો રખાયો પણ પોતાની સાર્થકતા તેણે સાબિત કરવી પડશે

વર્તમાન IPLમાં મુંબઈ ઈન્ડિયન્સની કેપ્ટનશીપ કરી રહેલા ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાને તેના ખરાબ ફોર્મ છતાં ટીમમાં જાળવી રાખવામાં આવ્યો અને એટલું જ નહીં પણ ટીમના વાઇસ કેપ્ટન તરીકે પણ તેને યથાવત રાખવામાં આવ્યો છે. હાર્દિક પંડ્યા હાલની IPL સિઝનમાં માત્ર બે ઓવર ફેંકતો રહ્યો હતો પણ જ્યારે વાત ટીમ પસંદગીની આવી ત્યારે તેને કહી દેવાયું કે તેણે પોતાના ક્વોટાની ચાર ઓવર પુરી કરીને પોતાની ફિટનેસ યોગ્ય છે તે પુરવાર કરવું પડશે ત્યારે તેણે ચાર ઓવરો પુરી કરવા માંડી. જો કે હાર્દિકની બોલિંગની સ્પીડ પહેલા કરતા ઘણી ધીમી થઈ ગઈ છે. તેની ફિટનેસ પર પણ સવાલો ઉઠી રહ્યા છે. જો કે એક વાત એ પણ છે કે જ્યારે સંપૂર્ણ ફિટ અને ફોર્મમાં હોય ત્યારે હાર્દિક જે કરી શકે છે તે દેશમાં બીજું કોઈ કરી શકતું નથી. પરંતુ હાલની સ્થિતિને જોતા એવું કહી શકાય કે T20 વર્લ્ડકપમાં જો તે વિસ્ફોટક બેટિંગ કરી શકશે નહીં તો તેની પસંદગી નિરર્થક રહેશે.

ટુ ધ પોઈન્ટ

રવિન્દ્ર જાડેજા અને અક્ષર પટેલ બંનેનો એકસાથે સમાવેશ સમજી શકાતો નથી

ભારતીય ટીમમાં રવિન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, યુઝવેન્દ્ર ચહલ અને અક્ષર પટેલના રૂપમાં ચાર-ચાર સ્પિનરો છે. ભાગ્યે જ એવી કોઈ મેચ હશે જેમાં બેથી વધુ સ્પિન બોલરોને પ્લેઈંગ ઈલેવનમાં એકસાથે સામેલ કરવામાં આવ્યા હોય. રવીન્દ્ર જાડેજાનો ઓલરાઉન્ડર તરીકે સમાવેશ કરવામાં આવ્યો હોવા છતાં તેની અને અક્ષર પટેલની રમતમાં કોઈ ખાસ તફાવત નથી. બંને એકબીજાના લાઈક ટુ લાઈક રિપ્લેસમેન્ટ છે. આવી સ્થિતિમાં, અક્ષર અને જડ્ડુમાંથી એકને પસંદ કરીને નિષ્ણાત પાવર હિટરનો સમાવેશ કરી શકાયો હોત. હવે ટીમમાં ક્યાં તો જાડેજા રમે અથવા તો અક્ષર રમે તેવી સ્થિતિ હોય તો ટી-20 ઈન્ટરનેશનલના પ્રદર્શનને ધ્યાને લેતા જાડેજા કરતાં અક્ષર વધુ સારો ઓલરાઉન્ડર ગણી શકાય તેવું તેનું પ્રદર્શન રહ્યું છે.

સિરાજ અને અર્શદીપ આઉટ ઓફ ફોર્મ હોવા છતાં ટીમમાં સામેલ કરાતા આશ્ચર્ય

ઝડપી બોલરોમાં જસપ્રીત બુમરાહની સાથે આઈપીએલમાં હાલ આઉટ ઓફ ફોર્મ એવા બે ઝડપી બોલર મહંમદ સિરાજ અને અર્શદીપ સિંહની પસંદગી કરવામાં આવી છે. અર્શદીપે IPLમાં સિરાજ કરતાં સારું પ્રદર્શન કર્યું છે પણ ઈન્ટરનેશનલ સ્તરે તેનું પ્રદર્શન સિરાજ કરતાં સારું રહ્યું નથી જ્યારે અવેશ ખાન અને ખલીલ અહેમદ જેવા હાલમાં સારું પ્રદર્શન કરી રહેલા બે યુવા ઝડપી બોલરોને રિઝર્વ ખેલાડી તરીકે રાખવામાં આવ્યા છે. જો પસંદગીકારોએ બોલ્ડ નિર્ણય લેવો હતો તો ખલીલ અને અવેશમાંથી કોઈ એકને મુખ્ય ટીમમાં સમાવી શકાયો હોત, આ સિવાય મુકેશ કુમાર, હર્ષિત રાણા, મયંક યાદવ, મોહસીન ખાન જેવા ઘણાં બોલરો ધ્યાને લઈ શકાય તેમ હતા.

પહેલા કરતાં વધુ ધૈર્યવાન બનવાને કારણે સંજૂ સેમસનનું પલ્લું ભારે બન્યું

અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાનારા T20 વર્લ્ડકપ માટેની ભારતની 15 સભ્યોની ટીમમાં સંજૂ સેમસનને સામેલ કરવામાં આવ્યો ત્યારે સેમસન અને તેના ચાહકોએ રાહતનો શ્વાસ લીધો હશે. સેમસને ઈન્ડિયન અત્યાર સ્ટ્રાઈક પોતાના હતો. તેની પછી બીજા પદ માટે હરીફ લોકેશ નવ મેચમાં 144.27ના સ્ટ્રાઈક રેટથી 378 રન બનાવ્યા છે. સ્ટ્રાઈક રેટના સંદર્ભમાં બંને બેટ્સમેનોમાં બહુ તફાવત નથી પરંતુ સેમસનના કિસ્સામાં આ આંકડા રાજસ્થાન રોયલ્સ ટીમ પર તેની અસરનો પુરાવો છે. ભૂતકાળમાં, સેમસન સામેની સૌથી મજબૂત દલીલ એ હતી કે ટુર્નામેન્ટ આગળ વધવાની સાથે તેના પ્રદર્શનમાં ઘટાડો થવા માંડે છે. IPL 2023 તેનું ઉદાહરણ હતું કારણ કે શરૂઆતમાં કેટલીક વિસ્ફોટક અડધી સદી બાદ 29 વર્ષીય ખેલાડી કોઈ મોટી ઈનિંગ રમી શક્યો ન હતો. જોકે, સેમસને તેની નિયમિત ઉપેક્ષા અંગે ફરિયાદ કરી ન હતી અને પોતાની જાતને સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

સ્પેશિયલ

IPLની હાલની સિઝનમાં ઋષભ પંત, સંજૂ સેમસન અને કેએલ રાહુલની સ્ટ્રાઇક રેટમાં ઝાઝો ફરક નથી. પંતની મુખ્ય વિકેટકીપર તરીકે પસંદગી સ્વાભાવિક હતી પણ બીજા વિકેટકીપર તરીકે ટીમમાં સ્થાન મેળવવા માટે કેએલ રાહુલ અને સંજૂ સેમસન વચ્ચે સીધી સ્પર્ધા હતા. જેમાં સેસમનને પહેલા બોલથી આક્રમણ કરવાની ખાસિયત અને પહેલાથી વધુ ધીરજ રાખવાનો ગુણ વિકસાવવાનું ફળ્યું છે.

પ્રીમિયર લીગની વર્તમાન સિઝનમાં સુધી નવ મેચોમાં 161.08ના રેટથી 385 રન બનાવીને કેસને મજબૂત બનાવ્યો સરખામણીમાં ઋષભ પંત વિકેટકીપર બેટ્સમેનના તેના નજીકના રાહુલે સેમસને 33 બોલમાં 7 નોટઆઉટ 71 રન કરવા 52 રન કરનારા યુવા ખેલાડી ટીમને સાત વિકેટે જીત પહેલાનો સેમસન જમાવવાના. શોટ રમીને તક હતો પરંતુ હવે તકની રાહ જોવાની અને ટીમને જવા ચોગ્ગા, 4 છગ્ગા સાથે ઉપરાંત 34 બોલમાં ધ્રુવ જુરેલની મદદથી અપાવી હતી. આ બોલર પર વર્ચસ્વ પ્રયાસમાં નબળા ગુમાવતો રહ્યો નવો સેમસન ધીરજ ધરાવે છે લક્ષ્ય સુધી લઈ માટે પૂરતો આત્મવિશ્વાસ ધરાવે છે. કૌશલ્ય અને ધીરજના વિલીનીકરણે તેને પહેલા ખેલાડી કરતા વધુ ઇચ્છનીય બનાવ્યો છે.

આ સાથે મોટા શોટ રમવાની ક્ષમતા અને લવચીકતા તેનું મહત્વ વધારે છે. તે પહેલા નંબરથી પાંચમા નંબર સુધી બેટિંગ કરવા માટે આરામદાયક છે જે રાહુલ કરી શકતો નથી. રાહુલ ધીમો સ્ટાર્ટર છે જે ઝડપથી રન બનાવવામાં સક્ષમ છે પરંતુ સેમસન પહેલા બોલથી જ આક્રમક રીતે રમી શકે છે. આઈપીએલની 2020 સીઝનથી, કોઈ પણ બેટ્સમેન સેમસન (110) જેટલા સિક્સર ફટકારી શક્યો નથી અને બટલર, આન્દ્રે રસેલ, ગ્લેન મેક્સવેલ, રિંકુ સિંહ, જોની બેરસ્ટો જેવા ખેલાડીઓની હાજરી સાથેની લીગમાં આ એક મોટી સિદ્ધિ છે.

સૌથી નમણી પીચો પર પણ તેના શોટમાં સહજ શક્તિ પ્રદાન કરવાની તેની ક્ષમતા વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકામાં ટીમ માટે અમૂલ્ય હોઈ શકે છે. પસંદગીકારો બીજા વિકેટકીપર સ્લોટ માટેના નામો પર વિચાર કરતી વખતે આંકડાઓની સાથે જ રોયલ્સના તેના ચતુર નેતૃત્વથી આગળ વિચારી શક્યા નહોતા. અન્ય પાવર-હિટર ઈશાન કિશનના આઉટ થવાથી ટીમ મેનેજમેન્ટ પણ સેમસન માટે ભારતીય ટીમનો રસ્તો થોડો સરળ બનાવી શકે છે.

પરંતુ ભારતીય વર્લ્ડ કપ ટીમનો ભાગ બનવાના સ્વપ્નને સાકાર કરવા માટે ખંતપૂર્વક, એકલા મનથી કામ કરનાર સેમસનની પ્રશંસા કરીએ એટલી ઓછી છે. આ સાયલન્ટ ફાઇટર માટે ખરા અર્થમાં કહેવું પડે છે કે હેટ્સ ઓફ સંજૂ.

રિંકુ સિંહ માટે ઈમ્પેક્ટ પ્લેયર નિયમ અને KKRની અણઘડતાં ખલનાયક પુરવાર થયા

ઈમ્પેક્ટ પ્લેયર' નિયમ કે જેણે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની મેચોને મોટાભાગે 12-મેનની હરીફાઈઓ બનાવી છે ને આ બાબત જ પાવર હિટર રિંકુ સિંહ પર અસર કરે રી ગઈ હોવાથી તે ભારતની T20 વર્લ્ડકપ ટીમમાં સ્થાન મેળવવાથી ચૂકી ગયો હતો કારણ કે આ નિયમને કારણે રિન્કુને ક્રિઝ પર પુરતો સમય મળ્યો જ નથી. અલીગઢના 26 વર્ષીય ડાબોડી બેટ્સમેન રિંકુને સ્થાને શિવમ દુબેને પસંદગીમાં પ્રાથમિકતા મળી તેની પાછળનું કારણ ચેન્નાઇ સુપર કિંગ્સ (CSK)ના મુખ્ય વ્યુહકાર એવા એમએસ ધોનીની ચતુરાઇએ મોટો ભાગ ભજવ્યો છે. વર્તમાન IPL સિઝનની પ્રથમ 10 મેચો દરમિયાન ચેન્નાઇ સુપર કિંગ્સ માટે દુબેને ક્રિઝ પર વધુ સમય પસાર કરવાની જે તક CSK આપી તેવી તક રિન્કુ સિંહને પુરી પાડવામાં કોલકાતા નાઇટ રાઇડર્સ (KKR) ઉણું ઉતર્યું છે. KKR મેચ જીતવાનું ધ્યાનમાં રાખીને રિન્કુને માત્ર ફિનિશર પુરતી ભૂમિકામાં મર્યાદીત કરી દીધો હતો. જેના કારણે તેને ક્રિઝ પર ઓછો સમય વિતાવવા મળ્યો

મંગળવારે અમદાવાદમાં યોજાયેલી પસંદગીની બેઠક વિશે જાણતા લોકો તેમના અભિપ્રાયમાં સર્વસંમત હતા કે હાર્દિક પંડ્યા અને દુબે સહિત 15 ખેલાડીઓમાં ફિટ ન થઇ શકવાના કારણે પંસદગી પેનલે રિંકુને બહાર મૂક્યો હશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના એક સૂત્રનું એવું કહેવું હતું કે એમાં કોઈ શંકા નથી કે રિંકુએ ઈમ્પેક્ટ પ્લેયર નિયમની કિંમત ચૂકવી છે. તે સ્પષ્ટપણે કમનસીબ છે. હાર્દિક ભલે ફોર્મમાં નથી પરંતુ તે હજુ પણ ભારતનો સર્વશ્રેષ્ઠ ઝડપી બોલિંગ ઓલરાઉન્ડર છે અને તેને બહાર મૂકવો એ જોખમ હતું કારણ કે તે એકમાત્ર વ્યક્તિ છે જેણે બોલિંગ કરી છે. જ્યારે દુબેએ ભલે બોલિંગ નથી કરી પણ તેણે ક્રિઝ પર પુરતો સમય વિતાવીને પોતાને પસંદગી માટે આગળ રાખ્યો હતો. ઈમ્પેક્ટ પ્લેયરના નિયમથી રિંકુને કેવી રીતે નુકસાન થયું? એવો સવાલ થતો હોય તો જાણી લો કે, કોલકાતા નાઇટ રાઇડર્સે રિંકુને ફિનિશરની ભૂમિકા આપી હતી અને તેને ક્યારેય ટોપ ફાઈવમાં બેટિંગ કરવાની તક મળી નથી. પસંદગી પહેલાંની આઠ ઈનિંગ્સમાં, તેણે માત્ર 82 બોલ રમ્યા હતા, જે પ્રતિ ઈનિંગ લગભગ 10 બોલ છે. ટીમ માટે ભારતીય ખેલાડીઓમાં, કપ્તાન શ્રેયસ અય્યર અને વેંકટેશ ઐય્યરે અંગક્રિશ રઘુવંશી સાથે મોટાભાગની ઓવરો રમી હતી, રિંકુને પ્રમોટ ન કરવા માટે નાઇટ રાઇડર્સને દોષી ઠેરવી શકાય કે નહીં એ મામલે મતમતાંતર હોઇ શકે છે, પરંતુ સાચું કહું તો, શ્રેયસ અને વેંકટેશ રાષ્ટ્રીય ટીમમાં પસંદગીના દાવેદાર ન હતા. તો એ વાતને ધ્યાને લઇને રિન્કુને પ્રાથમિકતા આપવાની જરૂર હતી. તેનાથી વિપરીત, ચેન્નાઈ સુપર કિંગ્સ અને તેમના ચતુર વ્યૂહરચનાકાર મહેન્દ્ર સિંહ ધોની 2021 સીઝનથી દુબેનો મહત્તમ ઉપયોગ કરી રહ્યા છે. દુબેએ વર્તમાન સિઝનમાં અત્યાર સુધી નવ મેચોમાં 203 બોલ રમ્યા છે. જે મેચ દીઠ અંદાજે 23 બોલ છે જે રિંકુ કરતા 13 વધુ છે. દુબેએ તેમાં 24 ચોગ્ગા અને 26 છગ્ગા ફટકાર્યા છે. જ્યારે રિંકુએ પોતાને ફાળે આવેલા 82 બોલમાં નવ ચોગ્ગા અને છ છગ્ગા ફટકાર્યા છે. મધ્યમ ઝડપી બોલર દુબે બોલિંગ કરી રહ્યો નથી કારણ કે ધોનીએ યોગ્ય રીતે મૂલ્યાંકન કર્યું છે કે તેની બોલિંગ ક્ષમતા અપેક્ષાઓ અનુસારની નથી અને વિરોધી બેટ્સમેનો તેને નિશાન બનાવી શકે છે. ધોનીએ દુબેનો શ્રેષ્ઠ ઉપયોગ કર્યો અને ધીમી પીચો પર તેની પાવર-હિટિંગ કુશળતાને કારણે તેને રાષ્ટ્રીય ટીમમાં સ્થાન માટે દાવેદાર બનાવ્યો.

એકસ્ટ્રા કોમેન્ટ

રિંકુને સ્થાને શિવમ દુબેને પસંદગીમાં પ્રાથમિકતા મળી તેની પાછળનું કારણ CSKના મુખ્ય વ્યુહકાર એવા એમએસ ધોનીની ચતુરાઇએ મોટો ભાગ ભજવ્યો છે. ધોનીએ શિવમ દુબેને ક્રિઝ પર પુરતો સમય ગાળવા મળે તે માટેની યોગ્ય તક પુરી પાડી તેવી KKR ટીમ મેનેજમેન્ટ કે કેપ્ટન શ્રેયસ અય્યર રિન્કુ સિંહને પુરી ન પાડી શક્યા અને તેના કારણે રિન્કુને ક્રિઝ પર પુરતો સમય ગાળવા ન મળ્યો એ કારણ માત્ર તેનો ભોગ લઇ ગઇ

તેને હવે બેટ્સમેન તરીકે વધુ મજબૂત બની ગયો છે. લખનૌ સુપર જાયન્ટ્સ સામે રાજસ્થાન રોયલ્સે 197 રનનો લક્ષ્યાંકનો પીછો તેમના જ મેદાન પર કરીને જીત મેળવી એ તેનું સૌથી મોટું ઉદાહરણ છે. સક્ષમ બોલરોની સામે લખનૌમાં 197 રનનો પીછો કરવો સરળ કામ નહોતું અને રોયલ્સે પણ ઇનિંગ્સની શરૂઆતમાં જ જોસ બટલરની વિકેટ ગુમાવી દીધી હતી.

નવમી ઓવરમાં રોયલ્સનો સ્કોર ત્રણ વિકેટે 78 રન હતો અને